જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૯/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

## સમાચાર યાદી નં.૧૭૪૩/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૭ | ૦ | ૧૪૭ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૦ | ૦ | ૧૦૦૭૦૦ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫ | ૧,૯૮,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૧૯ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૬૨૪ બિયરટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૬/૨૦૨૨**

**સાબરમતીઃ** પ્રભુદાસ વજેશંકરભાઇ જોષી (ઉ.વ.૬૮)(રહે.ન્યુ દેવભુમી સોસાયટી આનંદ પાર્ટી પ્લોટ સામે, ન્યુ રાણીપ, સાબરમતી)એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૨ સવારના ૭/૦૦ થી તા.૨૭/૦૯/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭,૫૩,૭૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

**રામોલઃ** પુષ્પાબહેન વા/ઓ દયારામ રાજપુત (ઉ.વ.૫૦)(રહે.શિવશાંતિ સોસાયટી પીલર નંબર-૧૬૨ ની સામે વસ્ત્રાલ) એ તા.૨૮/૦૯/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૯/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાની સ્ટોપર તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી,ભટ્ટ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૭/૨૦૨૨**

**કૃષ્ણનગરઃ** નવા નરોડા મધુવન ગ્લોરીની બાજુમાં, શ્રીહરી સ્ટેટસ ખાતે રહેતા શૈલેષભાઈ નટવરભાઈ પટેલ (ઉ.વ.૩૯) તેમના ૧૮ માસના દિકરા પ્રિયાન સાથે તા.૨૭/૦૯/૨૦૨૨ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના મકાનમા બેડરૂમમાં સુતા હતા દરમ્યાન એસીમાં શોર્ટસર્કિટ થવાથી આગ લાગતા બંને જણા દાઝી જતા, સારવાર માટે બંનેને સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા તા.૨૭/૦૯/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગે પ્રિયાનને ફરજ પરના ડો.શ્રી એ મૃત જાહેર કર્યો હતો. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેસંગભાઈ ચલાવે છે. તેમજ તા.૨૮/૦૯/૨૦૨૨ ના કલાક ૦૦/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ શૈલેષભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૮/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** જયેશભાઈ મોહનભાઈ વાઘેલા (ઉ.વ.૨૭)(રહે.સંતોષનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૯/૨૦૨૨ ના કલાક ૧/૨૫ વાગ્યા પહેલા સાબરમતી નદીના પૂર્વ કિનારે કેલીકોમીલ પાછળ રીવરફ્રન્ટ ઘાટ નંબર-૧૫ નજીક સાબરમતી નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** દિલીપભાઈ ચંદ્રકાંતભાઈ શર્મા (રહે.શ્રીરામ ટેનામેન્ટ સરદાર ચોક કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**ગોમતીપુરઃ** બચુભાઇ છપ્પનભાઇ પટણી (ઉ.વ.૬૨)(રહે.સાંઇનાથના છાપરામાં રાયપુર મીલની પાસે ગોમતીપુર) એ બીમારીથી કંટાળી તા.૨૮/૦૯/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સોનેરીયા બ્લોક પ્રકાશ પેટ્રોલ પંપની આગળ રોડ ઉપર પોતાની જાતે એસીડ પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેન્દ્રભાઇ ભીખાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી